# ન્યાય

– 'તથાગત' માથી સાભાર

પ્રાચીન સમયની આ વાત છે. એક ભલો અને ન્યાયપ્રિય રાજા એકવાર સભા ભરીને બેઠો હતો. એવે સમયે એક યુવાન સ્ત્રી જોરજોરથી આક્રદ કરતી સભામા આવી અને કહેવા લાગી, ''મહારાજ ન્યાય કરો... ન્યાય કરો..! મારા પતિને મારી નાખનારને..મારી જિદગીના બધા સપના રોળી નાખનારને મોતની સજા કરો....!'' આખી સભા સ્તબ્ધ થઈ ગઈ અને સ્ત્રીના પતિને મારી નાખનાર પર ફિટકાર વરસાવવા લાગી. રાજાએ શાતિથી કહ્યુ, ''ન્યાય તો જરૂર થશે અને ગુનેગારને સજા પણ થશે. પણ પહેલા મને જે કઈ બન્યુ તેની વિગતે વાત કર.''

સ્ત્રીએ સ્વસ્થ થતા જણાવ્યુ : ''હુ અને મારો પતિ બાજુના ગામે જવા નીકળ્યા હતા. ચાલતા ચાલતા તેઓ થોડા આગળ નીકળી ગયા તેથી એક મોટા ઝાડ નીચે છાયડામા મારી રાહ જોતા ઊભા હતા. ત્યા એ ઝાડ પર આપનો માળી ફળ તોડી રહ્યો હતો. તેનો પગ લપસ્યો અને તે મારા પતિ પર પડયો. મારા પતિનુ તત્કાળ મૃત્યુ થયુ. મહારાજ, આ માળીને ફાસીની સજા કરો. તેનાથી ઓછુ કશુ જ નહીં.''

રાજાને ખ્યાલ આવ્યો કે આ એક અકસ્માત જ છે. પરતુ આ સ્ત્રી માટે તે ઘણા દુઃખની વાત કહેવાય. તેણે સમજાવટના સ્વરમા કહ્યુ, ''જો બહેન, તારા પર જે દુઃખ પડય છે તે ખરેખર કેમેય માટે તેમ નથી. તારા માટે અમને સહુને ખૂબ જ સહાનુભૂતિ છે. તારી આર્થિક તકલીફ દૂર કરવા તને સારી એવી રકમ મળે તેવી હુ વ્યવસ્થા કરુ છુ.'' ''ના મહારાજ, મારે પૈસા નથી જોઈતા. હુ તો મારા પતિના આત્માને શાતિ મળે તેવુ ઈચ્છુ છુ. અને તે આ માળીના મોતથી જ મળશે.'' સભામા સહુને અચરજ થયુ. સ્ત્રીના બદલાના ઈરાદાને સહુ પામી ગયા. રાજાએ સમજાવવાના ઈરાદાને સહુ પામી ગયા. રાજાએ સમજાવવાના ઈરાદાથી તે માળીને બોલાવવાનો આદેશ આપ્યો. થોડીવારમા લગડાતા પગે પાટો બાધેલો માળી આવને હાથ જોડીને ઊભો રહ્યો. તેના પગનુ હાડકુ ભાગી ગયુ હતુ. તેના હાથ પર પણ બેત્રણ ઘા પડયા હતા. રાજાએ કહ્યુ, 'જો બહેન, આ કામ તેણે જાણી જોઈનેતો કર્યું નથી. અકસ્માતે બનેલા આ બનાવમા તે પણ ઘવાયો છે. તેને મોતની સજા કરીશ તેનાથી તારો પતિ પાછો નહિ આવે ને! તને હુ જીવનભર ચાલે તેટલુ ધન આપવા તૈયાર છુ.' પણ આ સ્ત્રીને તો તેનો નનૈયો ચાલુ જ રાખ્યો અને રાજાને સભળાવ્યુ, ''મહારાજ, ન્યાય કરતી વખતે સગા ભાઈની પણ શરમ ન રાખવી જોઈએ અને આપ તો આપના નોકરની તરફદારી કરી રહ્યા છો ! હુ તો ન્યાયની મોટી આશા લઈને આપની પાસે આવી હતી પણ આપ તો....!!'' રાજા હવે આ સ્ત્રીના અસલી રગને પારખી

ગયા અને બોલ્યા, ‘‘મને એમ હતુ કે તારી આવી અવસ્થામા તારે કોઈની ગુલામી ન કરવી પડે તે રીતે ન્યાય કરુ. પણ મને લાગે છે કે હવે તુ કહે છે તે જ રીતે ન્યાય થવો જોઈએ.’’ સ્ત્રી આનદમા આવી ગઈ. તે બોલી, ‘‘બરાબર છે મહારાજ, તેને ફાસી પર લટકાવશો ત્યારે જ મારા પતિના આત્માને શાતિ થશે.’’



‘‘ના, ના, આપણે તેને ફાસી પર નથી લટકાવવો.’’

‘‘ત્યારે ?’’ સ્ત્રીએ નવાઈ પામી પૂછ્ય.

‘‘આપણે તો બરાબર ન્યાય કરવાનો છે. જે રીતે તેણે તારા પતિને માર્યો, આપણે તે જ રીતે તેને મારીએ.’’ રાજાએ કહ્યુ.

સ્ત્રી નવાઈ પામીને બોલી, ‘‘હુ કઈ સમજી નહીં, મહારાજ.’’

‘‘આપણે સહુ તે ઝાડ નીચે જઈએ. પછી જ્યા તારો પતિ ઊભો હતો ત્યા જ આ માળીને ઊભો રાખીશુ. પછી જે રીતે એ તારા પતિ પર પડયો એ જ રીતે તારે ઝાડ પરથી તેના પર પડવાનુ. તારુ આટલુ ભારેખમ શરીર આ બિચારા દુબળા પાતળા માળી પર પડશે એટલે ત્યા ને ત્યા જ તેના રામ રમી જશે. ચાલો ચાલો....! સહુ ત્યા જવાની તૈયારી કરો. મારો રથ લાવો.’’

સ્ત્રીને હવે પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. કારણ કે એમ કરવામા તો પોતાને જ નુકસાન થાય તેમ હતુ. તે બોલી મહારાજ, ‘‘મને થાય છે કે આપણે માળીને માફ કરી દઈએ. તમે મને વળતર આપી દો તેટલુ પૂરતુ છે.’’ ‘‘અરે, ના, જરાપણ નહીં. વળતર ફળતરની હવે વાત ન કરીશ. આપણે તો ન્યાય કરવાનો છે, એમા કઈ જ બાકી નથી રાખવુ.’’ રાજાએ કડક સ્વરે કહ્યુ.

સ્ત્રીને હવે બરાબર પસ્તાવો થયો. તેને પોતાની જીદમા પોતાને જ થનાર નુકસાનનો અહેસાસ થયો. તે દોડીને રાજાના પગમા પડી અને બોલી, ''મહારાજ, મને માફ કરો, હુ બદલાનો આગમા આધળી બની ગઈ હતી. આપ ખરેખર ન્યાયી અને પ્રજા વત્સલ છો ! મે આપને ગુસ્સામા ગમે તેવા વેણ કહ્યા તેનો બહુ પસ્તાવો થાય છે. મને માફ કરો મહારાજ......મને માફ કરો..!''

રાજાએ હસતા હસતા કહ્યુ, ''બહેન, તને નિરાધાર અવસ્થામા મૂકવાનો મારો ક્યારેય ઈરાદો ન હતો. પણ તને સમજાવવા માટે આમ કરવુ પડય. હવે તુ ખુશીથી ઘરે જા. તને તારી વળતરની રકમ મોકલી આપુ છુ. અને વળી દર મહિને તને ખાધાખોરાકી પણ મળતી રહેશે.''

■